

દીપોત્સવ એટલે

અજ્ઞાનના અંધકારને દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું પર્વ

આચમન

બિપિન પટેલ

હજારો વર્ષોથી ઘેરાયેલો અંધકાર દૂર કરવા માટે અંધકાર સાથે લડવાની જરૂર નથી; જરૂર છે એક નાનકડો દીપ પ્રગટાવવાની! બસ! દીપ પ્રગટાવો એટલે હજારો વર્ષોથી સત્તા જમાવી બેઠેલું અંધારું એક જ પળમાં ગાયબ! દીપોત્સવ પર્વ પણ પ્રતિવર્ષ કંઈક એવો જ સંદેશ લઈને આવે છે. અશ્વિન માસની અમાસના અંધકારને દૂર કરવાના પ્રયત્નો કરતાં આપણે આપણાં ઘરોમાં, બારણામાં કે આંગણામાં... મહોલ્લાઓમાં... શેરીઓમાં અને નગર આખામાં અસંખ્ય દીપકો પ્રગટાવીએ છીએ અને એ પ્રકાશના ફુવારાનો આનંદ માણીએ છીએ. આપણી આસપાસ પથરાયેલા એ સ્થૂળ અંધકાર જેવો જ સૂક્ષ્મ અંધકાર જન્મોજન્મથી આપણા હૈયામાં સત્તા જમાવી બેઠો છે જેના ઇશારે આપણે નાચતા રહીએ છીએ. આપણા હૈયામાં સત્તા જમાવીને બેઠેલા એ અજ્ઞાનરૂપી સૂક્ષ્મ અંધકારને દૂર કરવાની પ્રેરણા લઈને આવે છે આ દીપકોનો તહેવાર 'દિવાળી'! આ ઉત્સવ કેવળ બહાર દીપ પ્રગટાવવા પૂરતો જ મર્યાદિત નથી પરંતુ આપણા મનમાં રહેલી અજ્ઞાનતા અને નકારાત્મકતાને દૂર કરવાનો સંદેશ પણ આપે છે. પ્રશ્ન એ થાય કે આ અજ્ઞાન શું છે? અને જ્ઞાન શું છે? આ શરીરને


> આપણી આસપાસ પથરાયેલા એ સ્થૂળ અંધકાર જેવો જ સૂક્ષ્મ અંધકાર જન્મોજન્મથી આપણા હૈયામાં સત્તા જમાવી બેઠો છે જેના ઇશારે આપણે નાચતા રહીએ છીએ

પોતાનું સાચું સ્વરૂપ માની લેવું એ જ અજ્ઞાન છે અને આપણે શરીર નથી, શરીરમાં રહેલો ચૈતન્યસ્વરૂપ આત્મા છીએ એનો જે અનુભવ કરશે તે જ્ઞાન! માનવજન્મની સાર્થકતા માટે આપણા ઉપનિષદો આપણને કેટલાંક અદભુત જીવનસૂત્રો આપે છે. કઠોપનિષદના એક પ્રેરણાદાયી શ્લોકની એક પંક્તિ છે 'ઉત્તિષ્ઠ! જાગૃત! વરાન્નિબોધિત - જીવનના સર્વોચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ માટે જ્ઞાની મહાપુરુષ પાસે જાઓ અને સ્વ-સ્વરૂપને ઓળખો.' મનમાં વ્યાપેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા માટે જ્ઞાની મહાપુરુષને શરણે જવાનો સંદેશ આપે છે આ સૂત્ર. ભગવાન શ્રીકૃષ્ણે પણ અર્જુનને કંઈક આવો જ સંદેશ આપ્યો હતો - તું તત્ત્વદર્શી મહાપુરુષ પાસે જા! તેમને પ્રણામ કર! તેમની સેવા કર! તેઓ તને જે જ્ઞાનોપદેશ કરે તેને તારા જીવનમાં ઉતાર! (૪-૩૪) એવું જ એક બીજું સૂત્ર મળે છે બૃહદારણ્યક ઉપનિષદમાંથી - તમસો મા જ્યોતિર્ગમય - આપણા હૃદયમાં રહેલા મોહ અને અહંકારરૂપી અજ્ઞાન- અંધકારને દૂર કરીને હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટેની આ પ્રાર્થના છે. બંને સૂત્રો પેલા અજ્ઞાન અંધકારને દૂર કરવાની પ્રેરણા આપતાં રહે છે. જરા થોભો! શ્રીરામચરિતમાનસ (રામાયણ) અને ભગવદ્ ગીતા - એ બે તો ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય નિધિ છે. શ્રીરામચરિતમાનસ એ માનવતાનું ગીત છે તો ભગવદ્ ગીતા એ જ્ઞાનની ગંગા છે. શ્રીરામચરિતમાનસના સાત કાંડ ભક્તિનાં સાત સોપાન છે, તો ગીતાજીના અઢાર અધ્યાય જ્ઞાનનાં અઢાર સોપાન છે. જીવ પોતાના જીવનમાં માનસજીના માધ્યમ દ્વારા ભક્તિપ્રકાશ અને ગીતાજીના માધ્યમ દ્વારા જ્ઞાનપ્રકાશ પાથરીને પોતાના માનવજન્મને સાર્થક કરી શકે છે. માનવજીવનમાં માનવતા મહેકાવવા માટે અને અજ્ઞાન- અંધકાર દૂર કરવા માટે પ્રત્યેક હિંદુ પરિવારમાં આ બંને ધર્મગ્રંથો હોય, એટલું જ નહીં, તેમનું નિત્ય પઠન, ચિંતન, મનન અને અંતે જીવનમાં અનુસરણ થાય એ અત્યંત જરૂરી છે. દીપોત્સવીના પ્રેરક પાવન પર્વ પર એક શુભ સંકલ્પ કરીએ કે ગીતાજી દ્વારા મળેલા જ્ઞાનપ્રકાશને અને માનસજી દ્વારા મળેલા ભક્તિપ્રકાશને હૃદયમાં પાથરીને અજ્ઞાન-અંધકારને દૂર કરીને માનવતાભર્યું જીવન જીવીએ.

નવા સંકલ્પનું પર્વ નૂતન વર્ષ


અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય



નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે, આ નવા વર્ષને 'સંકલ્પ પર્વ' તરીકે મનાવીએ. નવા વર્ષના સૂરજનાં સોનેરી કિરણો અનેક આશા-અપેક્ષાઓ-મહત્ત્વાકાંક્ષાઓ લઈને પ્રગટે છે ત્યારે આ પર્વનું ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્ત્વ છે. આ પર્વને શાસ્ત્રોએ મહાપર્વ ગણાવ્યું છે. આજે તો પશ્ચિમી સંસ્કૃતિની અસર વધતાં નવી પેઢીમાં થર્ટીફર્સ્ટ ડિસેમ્બર અને વળી જાન્યુઆરી અંગ્રેજી ન્યૂયરનું મહત્ત્વ વધ્યું છે. તેની ઉજવણી ધામધૂમથી કરાય છે પણ ભારતીય સંસ્કૃતિ મુજબ વિક્રમનું નવું વર્ષ અને દિવાળીનું મહત્ત્વ સદીઓથી રહ્યું છે એ આપણી મૂળ પરંપરા છે, એ ન ભૂલવું જોઈએ.

વળી નૂતનવર્ષે આપણે નવાં કપડાં, નવાં જૂતાં વગેરે લાવી પહેરીએ છીએ. જો કે એ ખરું પણ જેમ શરીર માટે નવાં વસ્ત્રોની સજાવટ આપણને જરૂરી લાગે છે, તેમ આ શરીરના મૂલાધાર આત્મા, ચેતનશક્તિ કે મનને પણ નવાં વસ્ત્રોની જરૂર હોય છે. એ નવાં વસ્ત્રો એટલે નવા સુંદર વિચારોથી એને શણગારવાની જરૂર છે. જૂના વિચારો ત્યજીને નવા વિચારો, નવા સંકલ્પો કરવામાં આવે તો નવા વર્ષની ખરી ઉજવણી કરી ગણાય. આ સંકલ્પો જાત માટે હોય, કુટુંબ માટે હોય કે સમાજ માટે હોય પણ નવા વર્ષના પ્રારંભે કોઈ એક શુધ્ધ સંકલ્પ લઈ આખું વર્ષ તેને પૂરો કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. એકલો સંકલ્પ કરવો પર્યાપ્ત નથી, તેને પૂર્ણ કરવા કે સફળ બનાવવા સતત



> શુધ્ધ આચાર-વિચારયુક્ત સંકલ્પ જીવનની જડીબુટ્ટી છે


પ્રયત્નશીલ રહેવું, કાર્યરત રહેવું કે જાગૃત રહેવું એ પણ જરૂરી છે. યોગ્ય દિશાની મહેનત ભાગ્ય પણ બદલી શકે છે. એકલા ભાગ્ય પર ભરોસો રાખીને બેસી ન રહેવાય, ભાગ્યને બદલવા માટે પરિશ્રમ કરવો પડે અને એ પરિશ્રમ પણ સાચી દિશાનો હોવો જોઈએ. સ્વામી વિવેકાનંદે આપેલું એક સૂત્ર વધુ પ્રચલિત છે, ઊઠો, જાગો અને મંડ્યા રહો. અહીં ધ્યેયપ્રાપ્તિ માટે સફળ ન થવાય ત્યાં સુધી મંડ્યા રહેવાની વાત છે. માણસની એક જીદ દુનિયા બદલી શકે છે. ડુંગરો તોડીને રસ્તો બનાવી શકે છે. વૈજ્ઞાનિકો અનેક પ્રયોગોમાં નિષ્ફળ જાય છે પણ પ્રયત્ન છોડી દેતા નથી. એ નિષ્ફળતાઓ પછી પણ મંડ્યા રહે છે. જે છેવટે સફળ થાય છે અને દુનિયાને કૈંક નવું આપી શકે છે. માટે સફળતા તેને જ વરે છે, જે પરસેવે ન્હાય છે.

આ નવા વર્ષે તમે મનગમતો નવો સંકલ્પ લો, ભલે એ ભણવા માટેનો હોય, નોકરી-ધંધા માટેનો હોય, પત્ની-બાળકોના લાભનો હોય, મા-બાપની સેવાનો હોય, જનતાની સેવાનો હોય, કે દેશ પ્રત્યેનો હોય, કોઈ પણ સંકલ્પ તમારા જીવનને નવું બળ આપશે, નવી પ્રેરણા આપશે અને કર્મનો સંતોષ આપશે. શુધ્ધ આચાર-વિચારયુક્ત સંકલ્પ જીવનની જડીબુટ્ટી છે. એક વાર નવાં કપડાં નહીં હોય તો ચાલશે પણ મન અને આત્મા પર ડાઘ હશે તો જીવનભર કચવાટ લાગશે, એના પર કોઈ દાગ નહીં હોય તો જીવન ઉજ્જવળ અને શાંતિમય બની રહેશે. નવા વર્ષના આ સંકલ્પ પર્વે આપણે દરીદ્રનારાયણની સેવા, પટ્રોલની બચત, પ્રદૂષણ હટાવો, વૃક્ષો વાવો, બેટી બચાવો, ટ્રાફિક નિયમોનું પાલન કરવું, સ્વચ્છતાનું પાલન, રક્તદાન કે દેહદાન, સુપ્રવૃત્તિમાં પોતાનું યોગદાન વિગેરે સંકલ્પો લઈ શકાય. કોઈ વ્યસન હોય તો તે છોડી દેવાનો સંકલ્પ, મક્કમ મને આજે જ કરો, કદાચ એમ નહીં કરાય તો આવતી કાલે ઘણું મોડું થઈ ગયું હશે. વ્યસન છોડવું એ જાત માટે, કુટુંબ માટે અને સમાજ માટે હિતકારી છે.

નવસંકલ્પના આ પર્વને યોગ્ય રીતે મનાવીશું તો જીવનમાં અદ્વિતીય આનંદ મળશે, સુખ-સંતોષ મળશે. યાદ રાખો શુભ સંકલ્પ સાથે, શુભ કર્મ સાથે ઈશ્વરકૃપા, યશ અને કીર્તિ સંકળાયેલાં જ છે.

સપ્તાહનાં વ્રત-તહેવાર

તા.૯ થી તા.૧૫ નવેમ્બર ૨૦૨૬



તા. ૯ સોમવાર

આસો વદ અમાસ-: સોમવતી અમાસ-બપોરે ૧૨ ક. ૩૧ મિ. સુધી.

તા. ૧૦ મંગળવાર

કારતક સુદ એકમ-: વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ ,મહાવીર સંવત ૨૫૫૩ નો પ્રારંભ ,બલિ પ્રતિપદા ,ગોવર્ધન પૂજા, અભ્યંગ સ્નાન.

તા. ૧૧ બુધવાર

કારતક સુદ બીજ-: ભાઇ બીજ, યમ દ્વિતીયા ,યમ પૂજન- તર્પણ ,ચંદ્ર દર્શન.

તા. ૧૨ ગુરુવાર

કારતક સુદ ત્રીજ-:

તા. ૧૩ શુક્રવાર

કારતક સુદ ચોથ-: વિનાયક ચોથ.

તા. ૧૪ શનિવાર

કારતક સુદ પાંચમ-: લાભ પાંચમ ,પાંડવ- જ્ઞાન પંચમી(જૈન), નહેરુ જયંતી-બાલ દિન.

તા. ૧૫ રવિવાર

કારતક સુદ છઠ-: સૂર્ય ષષ્ઠી ,છઠ પૂજા,